| 2 | Rs.1,01,50,505.5/- 13-Dec-2019 | Cosmos Jewells, Harshadkumar H Gajipara & Jitendrabhai H Gajipara | Property-1 All The Piece And Parcel Of The Property Consisting Of Shop No.206 Immovable Property,Premises Of Shop No.206,Admesuring 293.00Sq.Fts I.E 27.23Sq.Mtrs Super Built Up Area, Admeasuring 17.612Sq.Mtrs,Built Up Area,Along With Proportionate Undivided Share In Ground Land "Second Floor", "Sai Square"Developed By"Sai Squre"Commercial Complex Co.Op Housing Society Ltd"Developed Upon Land Situated In State:Gujarat,District :Surat,Sub-District & Taluk :Surat City,Moje Village Adajan Bearing Revenue Survey No.151/1 Paikee T.P Scheme No.13 (Adajan),Final Plot No.63 Admeasuring 1823Sq.Mtrs For Commercial Purpose N A Land Paikee-East : Adjoining Sai Square Apartment, West : Adjoining Public Road, North : Adjoining Sai Square Co.Op Housing Society & South : Adjoining Public Road.<br>Property-2 Immovable Property,Premises Of Shop No.207,Admesuring 586.00Sq.Fts I.E 54.460Sq.Mtrs Super Built Up Area, Admeasuring 35.224Sq.Mtrs,Built Up Area,Along With Proportionate Undivided Share In Ground Land "Second Floor", "Sai Square"Developed By"Sai Squre"Commercial Complex Co.Op Housing Society Ltd"Developed Upon Land Situated In State:Gujarat,District :Surat,Sub-District & Taluk :Surat City,Moje Village Adajan Bearing Revenue Survey No.151/1 Paikee T.P Scheme No.13 (Adajan),Final Plot No.63 Admeasuring 1823Sq.Mtrs For Commercial Purpose N A Land Paikee-East : Adjoining Sai Square Apartment, West : Adjoining Public Road, North : Adjoining Sai Square Co.Op Housing Society & South : Adjoining Public Road<br>Property-3 Immovable Property,Premises Of Shop No.208 ,Admesuring 319.00Sq.Fts I.E 29.65Sq.Mtrs Super Built Up Area, Admeasuring 19.174 Sq.Mtrs,Built Up Area,Along With Proportionate Undivided Share In Ground Land "Second Floor", "Sai Square"Developed By"Sai Squre"Commercial Complex Co.Op Housing Society Ltd"Developed Upon Land Situated In State:Gujarat,District :Surat,Sub-District & Taluk :Surat City,Moje Village Adajan Bearing Revenue Survey No.151/1 Paikee T.P Scheme No.13 (Adajan),Final Plot No.63 Admeasuring 1823Sq.Mtrs For Commercial Purpose N A Land Paikee-The East : Adjoining Sai Square Apartment, The West : Adjoining Public Road, The North : Adjoining Sai Square Co.Op Housing Society & The South : Adjoining Public Road<br>Property-4 Immovable Property,Premises Of Shop No.209 ,Admesuring 231.00 Sq.Fts I.E 21.468 Sq.Mtrs Super Built Up Area, Admeasuring 13.885 Sq.Mtrs,Built Up Area,Along With Proportionate Undivided Share In Ground Land "Second Floor", "Sai Square"Developed By"Sai Squre"Commercial Complex Co.Op Housing Society Ltd"Developed Upon Land Situated In State:Gujarat,District :Surat,Sub-District & Taluk :Surat City,Moje Village Adajan Bearing Revenue Survey No.151/1 Paikee T.P Scheme No.13 (Adajan),Final Plot No.63 Admeasuring 1823Sq.Mtrs For Commercial Purpose N A Land Paikee-East : Adjoining Sai Square Apartment, West : Adjoining Public Road, North : Adjoining Sai Square Co.Op Housing Society & South : Adjoining Public Road | Rs. 62,88,000/- | Rs. 6,28,800/- | 19th March 2022 11.00 AM to 1.00 PM |

Disclaimer: Please note that the said notice is issued for sale of immovable property only and IDFC FIRST Bank Limited has no right to sale the movable assets, if any, present at the immovable property.

Authorised Officer **IDFC FIRST Bank Limited**
Date: 17-02-2022, Place : Surat (Formerly known as Capital First Home Finance Limited/ Capital First Limited)

### બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત

# કલેકટર અતુલ ગોરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની ટાસ્ક ફોર્સની બેઠક યોજાઇ

વડોદરા, તા.૧૬

બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાની ટાસ્ક ફોર્સની બેઠક કલેકટરશ્રી અતુલ ગોરના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. આ યોજના હેઠળ રુ.૨૫ લાખનું અનુદાન ફાળવવામાં આવ્યું છે. આ અનુદાનની રકમમાંથી જિલ્લામાં કરવામાં આવનાર વિકાસ કાર્યો બાબતે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

કલેકટર અતુલ ગોરે કહ્યુ કે, દીકરીઓ જન્મ લે તેને પોષણક્ષમ આહાર અને વિશેષ કાળજી મળી રહે તે માટે આરોગ્ય અને મહિલા અને બાળ કલ્યાણ કચેરીએ મિશન મોડ પર કાર્ય કરવું જરૂરી છે.

જિલ્લામાં દીકરો-દીકરી જન્મદરમાં અસમાનતા હોય અને દીકરી જન્મદર ઓછો હોય તથા દીકરીઓના શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો વધુ હોય તેવા વિસ્તારોમાં વાલી જાગૃત્તિની સઘન ઝૂંબેશ કરવી. નજીકના ગામની શાળાઓમાં અભ્યાસ અર્થે જઇ શકાય તે માટે બસ અને ઉપલબ્ધ અન્ય વાહનોની સુવિધા તથા સમય સચવાઇ રહે તે માટે સંકલન કરવું. અભ્યાસ અર્થે વિદ્યાર્થિનિઓને બાજુના ગામની શાળામાં આવવા-જવા સાયકલ સહાય મળે તે માટે પ્રયાસો કરવા કલેકટરએ સૂચન કર્યુ હતુ.કલેકટરએ ઉમેર્યુ કે, દીકરીઓના શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો વધુ હોય તેવા વિસ્તારોમાં વાલીઓને દીકરીઓના અભ્યાસ માટે જાગૃત્ત કરવા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા વિશેષ જાગૃત્તિ વિષયક કાર્યક્રમો કરવા, અગાઉથી જ દીકરીઓનું આગળના અભ્યાસ માટે પ્રવેશ થાય તે જોવામાં આવે તે જરુરી છે. તરુણાવસ્થાની વિદ્યાર્થીનિઓ અભ્યાસ કરતી હોય તેવી શાળાઓમાં સેનેટરી પેડ અને વેન્ડીંગ મશીન કિટ મૂકવામાં આવે. વધુમાં વિદ્યાર્થીનિઓને અભ્યાસ દરમિયાન સ્વરક્ષણની તાલીમ આપવામાં આવે તે માટે રમતગમત અને પોલીસ કચેરીની મદદ મેળવવામાં આવશે. મહત્વનું છે કે, હાલમાં ૩,૮૦૦ વિદ્યાર્થિનીઓને ૧૫ દિવસીય કરાટે તાલીમ આપવામાં આવી છે અને ૫૦૦ વિદ્યાર્થિનીઓ આ તાલીમ મેળવી રહી છે. બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગતના અનુદાનની રકમમાંથી વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણ તાલીમ આપવા પોલીસ કચેરીનો વિશેષ સહયોગ લેવામાં આવશે. ગોરે વધુમાં કહ્યુ કે, ગ્રામ પંચાયતમાં ગુડ્ડા-ગુડ્ડી બોર્ડ મૂકી દીકરા-દીકરીઓના જન્મ અંગેના આંકડાઓ મૂકવામાં આવે તો જાગૃત્તિ લાવી શકાય છે. દીકરી વધામણા અને હાઇજિન કિટ ખરીદી કરી ગ્રામ્ય વિસ્તારમાં પહોંચાડવામાં આવશે. આરોગ્ય કચેરીના કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થિનીઓને આરોગ્ય સંબંધિત માર્ગદર્શન આપવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી ડો. રાજેન્દ્ર પટેલે સગર્ભાઓને સગર્ભાવસ્થાની શરુઆતથી જ નિયત પોષણક્ષમ આહાર મળી રહે તથા તેનું નિયત રજીસ્ટર નિયમિત રીતે નિભાવવામાં આવે તે જોવા સૂચન કર્યુ હતુ. આ કાર્ય માટે આરોગ્ય અને આઇસીડીએસ કચેરી અને તેના કમર્ચારીઓ સંકલન કરે તેથી વધુ સારી રીતે કામગીરીનું અસરકારક પરિણામ મેળવી શકાય. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સુધીર જોષીએ જણાવ્યુ કે, જિલ્લાની ૪૦ શાળાઓમાંથી પાંચ વિદ્યાર્થીનિઓની પસંદગી કરવામાં આવી, નોડલ શિક્ષકને તાલીમ આપી જિલ્લાની અન્ય શાળાઓમાં પણ તરુણોને વિવિધ જાગૃત્તિ સંબંધિત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે. ખાસ કરીને બાળ મજૂરી, નાની વયે થતાં લગ્ન અટકાવવા, તરુણોમાં સ્વચ્છતા, સુઘડતા સહિતની બાબતે જાગૃત્તિ આવે તે માટે વિદ્યાર્થીનિઓને નેતૃત્વ આપવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડો. રાજેન્દ્ર પટેલ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સુરેન્દ્ર જૈન, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચના ચૌધરી, જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સુધીર જોષી સહિતના જોડાયા હતા. સમગ્ર બેઠકનું સંચાલન મહિલા અને બાળ અધિકારી માધવી ચૌહાણે કર્યુ હતુ.

# મેટ્રિક્સ કોમસેકને ગ્લોબલ સેલ્સ એન્ડ માર્કેટિંગના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ તરીકે અનિલ મહેરાનીનિમણૂકની જાહેરાત

એક્ઝિક્યુટિવ નેતૃત્વના ભાગ રૂપે અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરને રિપોર્ટિંગ, તે માર્કેટિંગ અને વેચાણ કાર્યોને લગતી તમામ પ્રવૃત્તિઓ માટે જવાબદાર રહેશે. તેમનો બહોળો અનુભવ સુરક્ષા અને સંદેશાવ્યવહાર સેગમેન્ટ માટે મેટ્રિક્સની ગો-ટુ-માર્કેટ વ્યૂહરચના માટે એક અભિન્ન સંપત્તિ હશે. સામાન્ય સંચાલન, વેચાણ, ઉત્પાદન માર્કેટિંગ અને વિતરણમાં ૨.૫ દાયકાથી વધુના અનુભવ સાથે. અનિલ અમારી પરિવર્તન યોજનામાં નેતૃત્વ, જ્ઞાન અને સાબિત જ્ઞાન લાવશે, સીઈઓ, ગણેશ જીવાણી કહે છે. તે ઉમેરે છે, વધુમાં, ફાયર, સિક્યોરિટી, ફિટનેસ અને ઈલેક્ટ્રીકલ્સ જેવા વિવિધ ઉદ્યોગો સાથે કામ કર્યું છે અને એક ઉદ્યોગ સાહસિક છે. થોડા વર્ષો કંપનીની વૃદ્ધિમાં વધારો કરશે. મને મેટ્રિક્સમાં સિનિયર વીપી - ગ્લોબલ સેલ્સ એન્ડ માર્કેટિંગ તરીકે જોડાઈને આનંદ થાય છે. હું સુરક્ષા અને સંદેશાવ્યવહાર પોર્ટફોલિયોના ભાગ રૂપે ઓફર કરાયેલા સોફ્ટવેર અને હાર્ડવેર સોલ્યુશન્સ માટે નફાકારક વૃદ્ધિ પહોંચાડવાની તકની રાહ જોઈ રહ્યો છું. મારો દ્રઢ વિશ્વાસ છે કે ટકાઉ વ્યવસાયો વિશ્વાસ અને મજબૂત ભાગીદારીના પાયા પર રચાય છે. હું ટીમ સાથે નજીકથી કામ કરવા માટે ઉત્સાહિત છું, અને અમારા ભાગીદારો અને ગ્રાહકોની સફળતા માટે શક્ય તેટલું બધું કરીશ, અનિલ મહેરા કહે છે. અનિલ મહેરા વિશે થોડુંક તે પહેલાં અનિલે હનીવેલમાં લગભગ ૧૦ વર્ષ કામ કર્યું હતું, તેની છેલ્લી સોંપણી એડીઆઈ બિઝનેસ માટે કન્ટ્રી ડાયરેક્ટર તરીકે હતી જ્યાં તેણે એક મોટી મલ્ટિફંક્શનલ ટીમનું નેતૃત્વ કર્યું હતું અને સંપૂર્ણ નફા અને નુકસાન માટે જવાબદાર હતા. અનિલે એડીઆઈ ગ્લોબલ ડિસ્ટ્રિબ્યુશન સાથે સંકળાયેલ તમામ પ્રોડક્ટ કેટેગરીઝ અને બહુવિધ બ્રાન્ડ્સમાં ઘાતાંકીય વૃદ્ધિ પ્રદાન કરતી વખતે વ્યવસાયને નફાકારક બનાવવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. તે પહેલાં અનિલે સીઝફાયરમાં કામ કર્યું હતુ જ્યાં તેણે બહુવિધ વેચાણ ભૂમિકાઓ નિભાવી હતી. તેમણે કોર્પોરેટ સેલ્સ ડિવિઝન અને એક ટ્રેનિંગ એકેડેમીની સ્થાપના કરી જેણે લોકોને સેલિંગ સ્કીલ્સ અને લીડરશિપ ડેવલપમેન્ટ પર તાલીમ આપી. તેમણે SaaS, અને B2B, B2G, B2C, D2C અને B2B B-કોમર્સ જેવા RTM અને લગભગ તમામ ઉદ્યોગ/ ગ્રાહક વર્ટિકલ્સમાં નોંધપાત્ર એક્સપોઝર સહિત વિવિધ બિઝનેસ મોડલ્સ સાથે સારી રીતે એક્સપોઝર કર્યું છે. અનિલ મેટ્રિક્સને આગલા સ્તર પર લઈ જવા માટે નેતૃત્વના અનુભવ અને કૌશલ્યોનું યોગ્ય મિશ્રણ લાવે છે.

### મહેસાણામાં ૨૦૦થી વધુ કોંગ્રેસના આગેવાનોએ કેસરિયો ધારણ કર્યો

# ગુજરાત કોંગ્રેસમા ભડકો પ્રદેશ પ્રવક્તા જયરાજસિંહ પરમારની ભાજપમાં જોડાવવાની અટકળો

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં વિધાનસભા ચુંટણી પૂર્વે ગુજરાત કોંગ્રેસમાં ભડકો થયો છે. તેમજ તેમની સાથે કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા અને ઉત્તર ગુજરાતના નેતા એવા જયરાજસિંહ પરમાર પણ ભાજપમાં જોડાય તેની અટકળો તેજ બની છે. જેમાં મહેસાણા કોંગ્રેસમાંથી બેચરાજીના ૨૦૦થી વધુ કોંગી કાર્યકરો જેઓ ભાજપમાં જોડાયા છે તે તમામ કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા જયરાજસિંહ પરમારના ગ્રૂપના હોવાનું મનાય છે. એટલે જ જયરાજસિંહે એક ટ્વીટ દ્વારા પક્ષ પ્રત્યે નારાજગીના સંકેતો આપ્યા છે અને બહુચરાજી એ માત્ર શરુઆત હોવાનું જણાવ્યું છે. કોંગ્રેસના સૂત્રોએ એવી શકયતા વ્યકત કરી છે કે આવતીકાલે વધુ કેટલાંક નેતાઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જવાના છે અને શનિવાર સુધીમાં કોઇ દિગ્ગજ નેતા ભાજપમાં ભળશે તેવી શક્યતાઓ છે. જયરાજસિંહનું આ ટ્વીટ એ જ દિશામાં સંકેત આપી રહ્યું છે.

તેમણે ટ્વીટર પર લખ્યું છે કે કોને ચિંતા છે કે પક્ષનું શું થશે ! બધા એ વાત પર લડી રહ્યા છે કે સરદાર કોણ હશે.. બીજા એક ટ્વીટમાં તેમણે લખ્યું છે કે કોંગ્રેસ પક્ષ હંમેશા સંસદ સભ્યો અને ધારાસભ્યો કેન્દ્રીત પક્ષ રહ્યો છે. કોંગ્રેસ પક્ષમાં સંગઠનના લોકોને ક્યાંય સ્થાન હોતું જ નથી પછી સંગઠનનું મહત્વ ક્યાંથી વધે. પક્ષ પ્રત્યે નારાજગી દર્શાવતું જયરાજસિંહનું સૂચક ટ્વીટ કોંગ્રેસમાં મોટી નવાજૂની થવાના સંકેત આપી રહ્યું છે. આ પહેલા પણ તેઓ પક્ષ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે. ૨૦૧૯માં પેટાચૂંટણીના પ્રચારના ધમધમાટ વચ્ચે જ ખેરાલુ બેઠક પર પ્રબળ દાવેદાર હોવા છતાં ટિકિટ કપાતાં જયરાજસિંહ પરમાર નારાજ થયા હતા. જોકે રાજનીતિથી થાકીને નારાજગી વ્યક્ત કરી હતી અને રાજકારણમાં આરામ લેવાનો સમય આવી ગયો હોવાનો સોશિયલ મીડિયાથી નારાજગી વ્યક્ત કરી હતી. જોકે ત્યાર બાદ પણ તેઓ કોંગ્રેસ સાથે સક્રિય રહ્યા હતા.

જો કે તેમણે આજે ફરી ટ્વીટથી નારાજગી વ્યકત કરતા રાજકીય ગરમાવો આવી ગયો છે અને અનેક વાતો વહેતી થઈ છે. એવી પણ માહિતી મળી છે કે તેઓ આવતી કાલે કાર્યકરો જોગ પત્ર લખશે અને ત્યારબાદ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ તેઓ ભાજપમાં જોડાઈ શકે છે. જયરાજસિંહ પરમારની કોંગ્રેસમાંથી વિદાયથી પક્ષને ચોક્કસપણે મોટો ફટકો પડી શકે છે. તેઓ ઘણા સમયથી કોંગ્રેસના નેતૃત્વથી નારાજ જોવા મળી રહ્યા છે.

જે તે સમયે તેમના આ ટ્વીટને કોંગ્રેસના નેતા મનહર પટેલે પણ સમર્થન આપ્યું હતું. મનહર પટેલે પણ ટ્વીટ કરીને કહ્યુ હતું કે મને ભયંકર ડર લાગી રહ્યો છે કે કઈ એવું ન બને કે ખરા સમયે સાચા કોંગ્રેસી યોદ્ધાઓ ઘરે ન બેસી જાય. બોટાદની જીલ્લા પંચાયતની ચૂંટણીમાં તમામ ફોર્મ રદ થયા કોણ જવાબદાર? તેમ છતાં પક્ષમાં કોઈ ગંભીર ચર્ચા જ નહીં કોઈ ચિંતન નહી. પ્રમુખશ્રી/પ્રભારી સહિતને કાગળ પર ધ્યાન દોર્યું છે

અહીં નોંધવું ઘટે કે, ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી નજીક આવતાં જ પક્ષપલટાની મોસમ શરૂ થઈ ગઈ છે, જેમાં સત્તાધારી પક્ષ ભાજપમાં જોડાવવા વિપક્ષ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના નારાજ નેતાઓની લાઈનો લાગવા લાગી છે. એમાં આજે મહેસાણા જિલ્લામાંથી ૨૦૦થી વધુ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ કેસરિયો ધારણ કરી ભાજપમાં જોડાયા હતા. છેલ્લી ૩ પેઢીથી કોંગ્રેસ સાથે જોડાયેલા મહેસાણા જિલ્લાના પીઢ કોંગ્રેસી આગેવાનો આજે ગાંધીનગર ભાજપ કાર્યાલય કમલમ ખાતે પહોંચ્યા હતા અને મહામંત્રી રજની પટેલ, ગોરધન ઝડફિયાની આગેવાનીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ ભગવો ધારણ કર્યો હતો. કોંગ્રેસ પક્ષમાં અવગણના અને અસંતોષના કારણે મહેસાણા જિલ્લાના કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાજુભા દરબાર, બેચરાજી તાલુકા કોંગ્રેસ પ્રમુખ વાઘુભા જાડેજા, બેચરાજી તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ રણુભા સહિત કુલ ૨૦૦થી વધુ લોકો આજે કેસરિયો ધારણ કર્યો હતો.

# અમદાવાદ રેલવે સ્ટેશન પર ઈલેક્ટ્રિક વાહન માટે ચાર્જિંગ પોઈન્ટ અને વાહન પાર્કિંગ સુવિધા શરૂ કરાઈ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૬

પેટ્રોલ અને ઇંધણમાં ભાવમા વધારો થતાં લોકો હવે ઇલેક્ટ્રિક વ્હીકલ તરફ વળ્યાં છે. ત્યારે આવા ઇલેક્ટ્રિક વેહિકલ માટે શહેરમાં ચાર્જિંગની સમસ્યા જોવા મળી છે. જે સમસ્યા દુર કરવા માટે અને લોકોને સુવિધા આપવા માટે રેલવે વિભાગ દવારા પ્રયાસ હાથ ધરાયો. જે પ્રયાસના ભાગ રૂપે કાલુપુર રેલવે સ્ટેશન પર ઇલેક્ટ્રીક વાહન ચાર્જિંગ પોઇન્ટ અને પાર્કિંગ સ્ટેશનનો શરૂ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં શહેર પોલીસ કમિશનર અને અમદાવાદ રેલવે ડીઆરએમ હાજર રહ્યા અને કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. પશ્ચિમ રેલવેમાં પ્રથમ વાર આ પ્રકારની સુવિધા શરૂ કરાઇ છે. જેનો શુભારંભ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ અને રેલવે ડીઆરએમએ કરાવ્યો. જે સુવિધામાં એક સમયે ૪ વાહનો સંપૂર્ણ ચાર્જ કરી શકવાની સુવિધા છે. ૧ થી દોઢ કલાકમાં એક વાહન સંપૂર્ણ ચાર્જ થઈ શકશે. પ્રતિ યુનિટ રૂ.૧૬ ના દરે વાહન ચાર્જ કરી શકાશે. ઉપરાંત રેલવે સ્ટેશનેથી જ ઇલેક્ટ્રિક કાર ભાડે પણ મેળવી શકાશે. જેના માટે પ્રતિ કિલોમીટર રૂ.૧૨ થી રૂ.૧૬ ના ભાવે ઇલેક્ટ્રિક કાર ભાડે મળી શકશે. તેમજ આગામી સમયમાં ઇલેક્ટ્રિક રીક્ષા સેવા શરૂ કરવાનું આયોજન પણ છે.

અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન પર કોઈ પ્રવાસી પોતાનું ઇ વિહિકલ લઈને આવશે તો ચાર્જિંગ પોઈન્ટ માટેની વ્યવસ્થા મળી રહેશે. તેમજ રેલવે સ્ટેશન પરથી ઇ વિહિકલ બુક કરાવી હશે તો પણ કરી શકશે. એસી કાર એક કિલોમીટરના રૂ. ૧૨ પડશે. જેના કારણે પ્રવાસીઓને સારી સુવિધા મળી રહેશે. તેમજ ઇ વિહિકલ માટે ચાર્જિંગ પોઇન્ટ અને પાર્કિંગની વ્યવસ્થા કાલુપુર રેલવે સ્ટેશન પરથી મળી રહેશે. જેથી મુસાફરોને હાલાકી ન પડે તેમજ લોકો ઇલેક્ટ્રિક વેહિકલનો વધુમાં વધુ ઉપયોગ કરતા થાય.

આ સિવાય રેલવે દ્વારા સાબરમતી સ્ટેશન, આંબલી સ્ટેશન, ચંદલોડિયા સ્ટેશન અને ગાંધીનગર સ્ટેશન પર પણ ઇલેક્ટ્રિક વેહિકલના ચારજિંગ સ્ટેશન બનાવવાનું આયોજન કરવામાં આવી રહ્યુ છે.

# બીએસએચ હોમ એપ્લાયન્સીસે તેના નવા ડિઝાઇન કરાયેલ મેડ-ઇન-ઇન્ડિયા વોશિંગ મશીન

BSH હોમ એપ્લાયન્સીસ, યુરોપની સૌથી મોટી હોમ એપ્લાયન્સીસ ઉત્પાદક અને આ ક્ષેત્રની વિશ્વની અગ્રણી કંપનીઓમાંની એક છે. તેની સંપૂર્ણ ઓટોમેટિક વોશિંગ મશીનની નવી શ્રેણી - બોશ ટોપ લોડ લોન્ચ કરવાની જાહેરાત કરે છે. ભારતીય ગ્રાહકોની ઊંડી સમજના આધારે, ઉચ્ચ-ગુણવત્તાવાળા વોશિંગ મશીનોની આ શ્રેણી ભારતમાં વધતી જતી ફેશન અને ફેબ્રિક પ્રત્યે જાગૃત ગ્રાહકો માટે પરંપરાગત હેન્ડ-વોશ લોન્ડ્રી ટેકનોલોજીની સુવિધા, સંભાળ અને ડાઘ દૂર કરવાની ક્ષમતાને અનુસરે છે.

સૌંદર્ય શાસ્ત્રને પ્રીમિયમ દેખાવ આપવા માટે સુંદર રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે, જે તેને આધુનિક ભારતીય ઘરો માટે સુંદર પ્રદર્શન બનાવે છે. આંધ્ર પ્રદેશ (તિરુપતિ)માં ઉત્પાદિત, 'મેડ ઈન ઈન્ડિયા' બોશ ટોપ લોડ વોશિંગ મશીન પ્રીમિયમ સુવિધાઓ અને સૌંદર્ય શાસ્ત્ર પ્રદાન કરવાનું ચાલુ રાખીને માસ સેગમેન્ટમાં ઉપસ્થિતીને વિસ્તારવાની BSH ઈન્ડિયાની વ્યૂહરચનાનો એક ભાગ છે.

ગ્રાહક કેન્દ્રિતતામાં અગ્રેસર બનવાની અને ૨૦૨૫ સુધીમાં ભારતના દરેક ઘરનો એક હિસ્સો બનવાની કંપનીની મહત્વાકાંક્ષા છે. લોન્ચ સમયે BSH હોમ એપ્લાયન્સીસના MD અને CEO નીરજ બહલે જણાવ્યું હતું કે, ટોપ લોડ હજુ પણ ભારતમાં એક નોંધપાત્ર સેગમેન્ટ છે અને અમે એક એવી પ્રોડક્ટ રજૂ કરવામાં આનંદ અનુભવીએ છીએ જે કાર્યાત્મક તેમજ સૌંદર્યની દૃષ્ટિએ ગ્રાહકોની ઘણી જરૂરિયાતો પૂરી કરે છે. બોશ ટોપ લોડને જે ખાસ બનાવે છે તે એ છે કે તે ભારતીય ગ્રાહકોની જરૂરિયાતોની ઊંડી સમજને ધ્યાનમાં રાખીને ભારતમાં ઉત્પાદિત છે.

અમે અમારી ઉપભોક્તા કેન્દ્રિત ડિઝાઇન અને વિકાસ પ્રક્રિયા દ્વારા એક વિચારશીલ અભિગમ અપનાવ્યો છે જે સુવિધાઓ રજૂ કરવા માટે છે જે માત્ર ખર્ચાળ અને રોજિંદા ફેશનને ઝીરો નુકસાનની ખાતરી જ નથી કરતી પણ સમય-કાર્યક્ષમ, ટેક્નોલોજી રીતે સ્માર્ટ અને આધુનિક ભારતીય ઘરો માટે સુંદર રીતે ડિઝાઇન કરવામાં આવી છે. ઘણી રીતે આ પ્રોડક્ટ અમારા માટે ગેમ ચેન્જર હશે કારણ કે તે અમને સામૂહિક સેગમેન્ટમાં વધુ એડ્રેસબિલિટી હાંસલ કરવામાં મદદ કરે છે.

લોન્ડ્રી કેર (વોશિંગ મશીન, ડ્રાયર્સ વગેરે)ની અમારી શ્રેણીમાં, અમારો પ્રયાસ પ્રીમિયમ સુવિધાઓને લોકશાહી બનાવવાનો છે જે અમારા ભારતીય ગ્રાહકો માટે મૂલ્યવાન છે અને સંપૂર્ણ સંભાળનું વચન આપે છે. સ્ટાર્ટીંગ કિંમત રૂ.૨૧,૭૯૦/-થી શરૂ થાય છે, ઉત્પાદન શ્રેણી ૬ અને ૭kg વેરિઅન્ટમાં ૨૩ અનન્ય મોડલ્સમાં ત્રણ યુઝર ઇન્ટરફેસ પ્રકારો અને છ વાઇબ્રન્ટ રંગો સાથે ઉપલબ્ધ થશે. તે દેશના તમામ મુખ્ય મેટ્રો અને નોન-મેટ્રો શહેરોમાં ઉપલબ્ધ હશે.

# મસ્જીદમાં લાઉડસ્પીકરના ઉપયોગ સામે જાહેર હિતની અરજી કરાઇ

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૬

રાજયમાં મસ્જીદોમાં લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા તેમજ તેના વોલ્યુમ અંગે નિયમો લાગુ કરવા ગુજરાત હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી (પીઆઇએલ)ની સૂનાવણી કરતા ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકાર સહિતના પક્ષકારોને નોટીસ પાઠવી વધુ સૂનાવણી ૧૦ માર્ચના રોજ મુકરર કરી છે. મસ્જીદોમાં લાઉડસ્પીકરના ઉપયોગ બાબતે હાઇકોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં એવી રજૂઆત કરવામાં આવી હતી કે ગણપતિ ઉત્સવ અને નવરાત્રી દરમિયાન લાઉડસ્પીકરના ઉપયોગ અંગે નિયમો પણ હોવા જોઇએ. તેમજ મસ્જીદોમાં ઉપયોગમાં લેવાતા લાઉડસ્પીકરો પર પ્રતિબંધ લગાવવામાં આવે અને વોલ્યુમો અંગે પણ નિયમો બનાવવામાં આવે તે જરૂરી છે. અરજદારે એવો પણ આક્ષેપ મુક્યો છે કે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે અને ધ્વનિપ્રદૂષણ અંગેના નિયમો પ્રમાણે આવાં કિસ્સાઓમાં લાઉડ સ્પીકરોનું વોલ્યૂમ ૮૦ ડેસિબલથી ઓછું રાખવું જરૂરી છે, પરંતુ કેટલીક મસ્જિદો ૨૦૦ ડેસિબલથી પણ વધુનું વોલ્યૂમ રાખે છે.

# વલસાડની શાળામાં નથુરામ ગોડસે વિષય પર યોજાયેલી સ્પર્ધા મુદ્દે સરકારે તપાસના આદેશ આપ્યા

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૧૬

ગુજરાતમાં વલસાડની કુસુમ વિદ્યાલયમાં નથુરામ ગોડસે વિષય પર યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધાને પગલે રાજ્ય સરકારે તપાસના આદેશ આપ્યા છે. રાજયના ગુહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે. તેમજ જે પણ જવાબદાર હશે તેમની સામે કાર્યવાહી કરાશે અને ભવિષ્યના પણ કોઇ આવી પ્રવુતિ ના કરે તે માટે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે આ દરમ્યાન વલસાડની કુસુમ વિદ્યાલયના સંચાલકોએ તમામ આરોપો ફગાવ્યા છે. તેમના કહેવા પ્રમાણે, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન જિલ્લા વિકાસ યુવા અધિકારી દ્વારા કરાયું હતું. 'મારો આદર્શ નથુરામ ગોડસે' વિષય આધારિત વક્તૃત્વ સ્પર્ધા વિવાદોમાં સપડાયા બાદ સ્કૂલ સંચાલકે જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે વલસાડ જિલ્લા કલેક્ટર ક્ષીપ્રા અગ્રેના જણાવ્યા અનુસાર, આ રમત ગમત વિભાગ અંતર્ગત આવતી બાબત છે. તેથી રમત ગમત વિભાગ આ મામલે પગલાં લેશે. આ અમારા અધિકાર ક્ષેત્રમાં આવતું નથી. જે તે વિભાગ આ અંગે કોલ કરશે અને પગલાં લેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જામનગરમાં નાથુરામ ગોડસેને લઈને વિવાદ સામે આવ્યા બાદ હવે દક્ષિણ ગુજરાતના વલસાડની એક ખાનગી શાળામાં વક્તૃત્વ સ્પર્ધાના વિષયના કારણે વિવાદ સર્જાયો છે. ગાંધીના ગુજરાતમાં 'મારો આદર્શ નથુરામ ગોડસે' વિષય વક્તૃત્વ સ્પર્ધા યોજાતા ચારેકોરથી ટીકાનો વરસાદ થઈ રહ્યો છે. ઘટના વલસાડની કુસુમ વિદ્યાલયની છે. જ્યાં બાળ પ્રતિભા શોધ અંતર્ગત ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીની નિંદા કરનાર તથા ગોડસેને હીરો તરીકે પ્રદર્શિત કરનાર સ્પર્ધક બાળકીને વિજેતા જાહેર કરવામાં આવી હતી. વક્તૃત્વ સ્પર્ધામાં આવો વિષય સ્થાનિક સરકારી કચેરી તરફથી નક્કી કરાયો હતો. સરકારી અધિકારીઓ દ્વારા પ્રાથમિક શાળાના ૭થી ૧૨ વર્ષની વયના બાળકોના કુમળા માનસમાં ગોડસેને નાયકના રૂપમાં પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કરવાની આ ઘટનાને લઈ લોકોમાં રોષ વ્યાપ્યો છે અને ગુજરાતભરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

દરમિયાન કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપની સરકાર અને છજ્જ દ્વારા આઝાદીનો ઇતિહાસ બદલવા માંગે છે જેથી વલસાડની સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધામાં ગોડસેનો વિષય રાખીને ગોડસેને હીરો બતાવવામાં આવ્યો છે. આટલી મોટી ઘટનાને લઈને મુખ્યમંત્રી ચૂપ છે અને સરકાર પણ ચૂપ છે. ગાંધીજીના હત્યારાને હીરો બનાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં બાળકોના વિચાર બદલવા પણ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.


**પશ્ચિમ રેલ્વે**

**કવચની જોગવાઈ અને ફાઈબર આર્મર્ડ ટેન્ડર મૂકવાનું**

પશ્ચિમ રેલ્વેના નવી દિલ્હી - મુંબઈ રૂટ પર વિરાર - વડોદરાના ૩૩૬ KM ઓટોમેટિક બ્લોક સેક્શન પર ૧૬૦ સળાવની ઝડપ વધારવાના કામ સાથે, આશરે. કામની કિંમત: રૂ.૧૫૦૮૩૭૭૯૧૬.૦૦/-, જમા કરાવવાની બાનાની રકમ: રૂ. ૭૫૪૧૯૦૦.૦૦/-, ઈ-ટેન્ડર સબમિટ કરવા અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ૧૦/૦૬/૨૦૨૨ અને ૨૪/૦૬/ સુધી ૨૦૨૨ ૧૫.૦૦ કલાક, વેબ સાઇટ વિગતો અને સ્થાન માટેની સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે વગેરે.: http://www.ireps.gov.in પ્રિન્સિપાલ ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર, ૫મો માળ, સ્ટેશન બિલ્ડિંગ, ચર્ચગેટ, પશ્ચિમ રેલ્વે, મુંબઈ-૪૦૦ ૦૨૦ 713

લાઇક કરો www.facebook.com/WesternRly



**મેક્સીમસ ઈન્ટરનેશનલ લિમિટેડ**

MAXIMUS INTERNATIONAL

સીઆઈએન : L51900GJ2015PLC085474

રજી.કચેરી : ૫૦૪-એ, ઓઝોન, ડૉ.વિક્રમ સારાભાઈ માર્ગ, વડી-વાડી, વડોદરા-૩૯૦૦૦૩, ગુજરાત, ટેલી. નં.: (૦૨૬૫) ૨૩૪૫૩૨૧

ઈમેઈલ: info@maximusinternational.in, maximus_international@yahoo.com

વેબસાઈટ: www.maximusinternational.in

**પોસ્ટલ બેલેટની સૂચના - ઈલેક્ટ્રોનિક ડિસ્પેચ**

મેક્સીમસ ઈન્ટરનેશનલ લિમિટેડ ("કંપની") ના શેરધારકોને આથી જાણ કરવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ("અધિનિયમ") ની કલમ ૧૧૦, કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦, ૨૨ ના વંચાન સાથે, અને સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦ અને ૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦ અન્ય સંબંધિત પરિપત્રો સાથે વાંચો, જેમાં તારીખ ૨૩ જૂન, ૨૦૨૧ ના સામાન્ય પરિપત્ર નં. ૧૦/૨૦૨૧ અને પરિપત્ર નં. ૨૦/૨૦૨૧, તારીખ ૮ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ જારી કરવામાં આવેલ કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("એમસીએ પરિપત્ર") અનુસંધાનમાં, કંપનીની પોસ્ટલ બેલેટની નોટિસ માત્ર ઇલિકટ્રોનિક માધ્યમથી એટલે કે માત્ર ઈ-મેઈલ દ્વારા મોકલવા માંગે છે, જેમના ઈ-મેઈલ સરનામા કંપની અને ડિપોઝિટરીઝ જેમ કે સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ) સાથે નોંધાયેલા છે. વધુમાં, સૂચિત પોસ્ટલ બેલેટ નોટિસ દ્વારા વ્યવસાય પર શેરધારકોની સંમતિ અથવા અસંમતિની જાણકારી ફક્ત રિમોટ ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા જ થશે.

જે સભ્યોએ તેમનું ઇમેલ સરનામું રજીસ્ટર / અપડેટ કર્યું નથી તેઓને તેમના ડિપોઝિટરી સહભાગીઓ દ્વારા ડિપોઝિટરીમાં નોંધણી કરાવવા વિનંતી કરવામાં આવે છે.

બોર્ડની સૂચનાથી,
મેક્સીમસ ઈન્ટરનેશનલ લિમિટેડ વતી
ધરતી શાહ
કંપની સેક્રેટરી

તારીખ : ૧૬.૦૨.૨૦૨૨
સ્થળ : વડોદરા.



**શૈલી એન્જીનીયરીંગ પ્લાસ્ટીક્સ લિમિટેડ**

SHAILY Engineering Plastics Ltd

CIN : L51900GJ1980PLC065554

રજીસ્ટર્ડ ઓફિસ : સર્વે નં.૩૬૪/૩૬૬, પો. રાનીયા - ૩૯૧ ૭૮૦, તા. સાવલી, જી. વડોદરા.

ફોન નં. : ૦૨૬૬૭-૨૪૪૩૦૭/૩૬૧ ફેક્સ નં. : ૦૨૬૬૭-૨૪૪૩૭૨

E-mail : investors@shaily.com Visit us : www.shaily.com

**પોસ્ટલ બેલેટ માટેની સૂચના**

આથી કંપનીઝ એકટ-૨૦૧૩ ("ધી એકટ") ની કલમ ૧૦૮ અને ૧૧૦ તેમજ અન્ય કોઈ લાગુ પડતી કલમો તેમજ કંપનીઝ મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશના રૂલ્સ, ૨૦૧૪ ("ધી રૂલ્સ") ની કલમ ૨૦ અને ૨૨ તથા સાધારણ બેઠકોને લગતા સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડસ (એસએસ-૨), સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (લિસ્ટીંગ રેગ્યુલેશન્સ) ના નિયમ ૪૪ અને તેમાં જો કોઈ વૈધાનિક સુધારા અથવા પુન:પ્રક્રિયા કરવામાં આવ્યા હોય તો, તેના જે તે સમય માટે અમલમાં હોય તેવા રીકવાયરમેંટ સહિત કોરપોરેટ અફેર્સ મંત્રાલયે ("ધી એમસીએ") સાધારણ સભા યોજવા / ઈ-વોટીંગથી પોસ્ટલ બેલેટ યોજવા જનરલ સર્ક્યુલર્સ ક્રમાંક ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૨/૨૦૨૦, ૩૩/૨૦૨૦, ૩૯/૨૦૨૦ અને ૧૦/૨૦૨૧, ૨૦/૨૦૨૧(સામુહિક રીતે એમસીએ સર્ક્યુલર્સ) અને પ્રવર્તમાન કોવિડ મહામારીની પરિસ્થિતિને અનુલક્ષીને જાન્યુઆરી ૨૯, ૨૦૨૨ ની પોસ્ટલ બેલેટ સૂચનામાં જણાવેલી ખાસ વ્યાપારી બાબતો અંગે શેલી એન્જીનીયરીંગ પ્લાસ્ટીક લિમિટેડ ("ધી કંપની") ના શેરધારકોની ફકત રીમોટ ઈ-વોટીંગ પ્રોસેસથી ટપાલ મતદાન દ્વારા મંજૂરી માંગવામાં આવે છે.

એમસીએ પરિપત્રની સૂચનાઓનું પાલન કરતા કંપનીના તમામ શેરધારકોને જેઓ શુક્રવાર, ફેબ્રુઆરી ૧૧, ૨૦૨૨ ની કટ-ઓફ ડેટના રોજ કંપનીના શેર ધરાવે છે અને જેમના ઈ-મેઈલ સરનામા કંપની/રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) અથવા ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ પાસે નોંધાયેલા છે તેમને પોસ્ટલ બેલેટ સૂચનાની ઇલિકટ્રોનીક નકલો મોકલીને તા. ૨૯ મી જાન્યુઆરી, ૨૦૨૨ ની મોકલેલ પોસ્ટલ બેલેટ સૂચનામાં જણાવેલી વ્યાપારીક બાબતો હાથ ધરવાની જાણ કરવામાં આવી છે. ફેબ્રુઆરી ૧૬, ૨૦૨૨ ના રોજ કંપનીની પોસ્ટલ બેલેટની સૂચના પાઠવવાનું કામ પુરૂં કરવામાં આવ્યુ છે.

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.shaily.com અને સ્ટોક એક્ષચેન્જીસ ની વેબસાઈટ www.bseindia.com તેમજ નેશનલ સિક્યુરીટી ડિપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પ્રદર્શિત કરવામાં આવી છે. શેરધારકોને તેની ભૌતિક નકલ મોકલવામાં આવી નથી અને શેરધારકોએ તેમની સંમતી/અસંમતી ફકત ઈ-વોટીંગ સુવિધા હેઠળ જ વ્યકત કરવાની છે. આ સંદર્ભમાં સભાસદોનું ધ્યાન નીચે જણાવેલી બાબતો તરફ દોરવામાં આવે છે :

(અ) એકટના સંબંધિત નિયમો સાથેના, તેને લગતા એમસીએ પરિપત્રો અને સમયાંતરે સુધારવામાં આવેલા લિસ્ટીંગ નિયંત્રણો સાથેના સહ વંચાણ પ્રમાણે પોસ્ટલ બેલેટ સૂચનામાં જે વ્યાપારિક બાબતો હાથ ધરવાનું જણાવવામાં આવ્યું છે એ તમામ બાબતો ફકત ઈ-વોટીંગથી જ હાથ ધરાશે.

(બ) શુક્રવાર, ૧૧ મી ફેબ્રુઆરી, ૨૦૨૨, જે કટ-ઓફ ડેટ છે તેના આધારે શેરધારકોની મતદાન માટેની પાત્રતા નકકી કરવામાં આવી છે અને ઉપરોકત કટ-ઓફની તારીખે જેઓ સભાસદો નથી તેવા સદસ્યોએ આ નોટીસને સૂચના માટેની ગણવાની છે.

(ક) કંપનીએ તેના તમામ સભાસદોને ઈ-વોટીંગની સુવિધા આપવા માટે કલમ ૧૦૮ અને ૧૧૦ની તેમજ એકટની અન્ય લાગુ પડતી જોગવાઈઓના નિયમોના નિયમ ૨૦ અને ૨૨ સાથેના સહ વંચાણ અનુસાર એનએસડીએલની સેવાઓ લીધી છે. નોટીસની સૂચના નોંધમાં જ ઈ-વોટીંગની પ્રક્રિયા જણાવવામાં આવી છે.

(ડ) ઈ-વોટીંગ શુક્રવાર, ફેબ્રુઆરી ૧૮, ૨૦૨૨ ની સવારના ૯.૦૦ કલાક આઈએટી શરૂ થશે અને શનિવાર, માર્ચ ૧૯, ૨૦૨૨ ના રોજ સાંજના ૫.૦૦ કલાક આઈએસટી ના સમયે પુરૂં થશે. તે પછી એનએસડીએલ દ્વારા ઈ-વોટીંગની વ્યવસ્થાને નિષ્ક્રીય કરી દેવામાં આવશે. ઉપર જણાવેલી તારીખ અને સમયની મર્યાદા પછી રીમોટ ઈ-વોટીંગની છૂટ મળશે નહીં. સભાસદ એકવાર ઠરાવ પર પોતાનો મત આપી દે તે પછી તેને તે બદલવાની છૂટ મળશે નહીં.

(ઈ) ઈ-વોટીંગ માટેની સૂચનાઓની બાબતમાં સભાસદોએ નોટીસમાં આપેલી સૂચનાઓ જોવી અને કોઈ પ્રશ્ન કે તકરાર હોય તો શેરધારકો માટેના ફ્રીકવન્ટલી આસ્કડ કવેશન્સ (એફએકયુ)માં જોવું અને www.evoting.nsdl.com ના ડાઉન-લોડ સેકશનમાં ઉપલબ્ધ શેરધારકો માટેના ઈ-વોટીંગ મેન્યુઅલની મદદ લેવી, અથવા સભાસદોએ સુ.શ્રી સરીતા મોટે, સહાયક પ્રબંધક, એનએસડીએલનો evoting@nsdl.co.in પર સંપર્ક કરવો અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૧૮૦૦ ૨૨૪ ૪૩૦ પર કોલ કરીને સંપર્ક કરવો.

(ફ) કંપનીના રજીસ્ટ્રારની કચેરી ખાતે પોસ્ટલ બેલેટ ના પરીણામની સોમવાર, માર્ચ ૨૧,૨૦૨૨ ના રોજ કે તે પહેલાં જાહેરાત કરવામાં આવશે અને તે કંપનીની વેબસાઈટ www.shaily.com અને એનએસડીએલ ની વેબસાઈટ www.evoting.nsdl.com પર મૂકવામાં આવશે અને તેની જાણ બીએસઈ લિમિટેડને જયાં કંપનીના શેર લીસ્ટેડ છે ત્યાં www.bseindia.com ખાતે કરવામાં આવશે.

એવા સભાસદો કે જેમણે તેમના ઈ-મેઈલ એડ્રેસ હજુ નોંધાયા નથી તેમને તેની નોંધ જો તેઓ ઈલેકટ્રોનીક ફોર્મમાં શેર ધરાવતા હોય તો તેમના ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ પાસે અને જો શેર ભૌતિક સ્વરૂપમાં ધરાવતા હોય તો બીગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ (આરટીએ) ને તેમની વેબસાઈટ www.bigshareonline.com પર નોંધણી માટેની સૂચનાઓ અનુસરીને કરાવી લેવા જણાવવામાં આવે છે જેથી તેઓને સૂચનાની નકલ અને કંપનીના પત્ર વ્યવહારો મળી શકે.

શૈલી એન્જીનીયરીંગ પ્લાસ્ટીકસ લિમિટેડ વતી
સહી/-
મહેન્દ્ર સંઘવી
એકઝીકયુટીવ ચેરમેન

સ્થળ : વડોદરા.
તારીખ : ફેબ્રુઆરી ૧૫, ૨૦૨૨

(અસલ અંગ્રેજી ઉપરથી અનુવાદ)